**મુનિશ્રી હેમવલ્લભ વિજયજી કૃત**
**શ્રી ગિરનારજી મહાતીર્થ મહિમા ગર્ભિત**

## શ્રી નવ્વાણું પ્રકારી પૂજાવિધિ

જઘન્યથી કળશ ગ્રહણ કરનાર નવ શ્રાવક ને
ઉત્કૃષ્ટપણે નવ્વાણું શ્રાવક જાણવા.

જઘન્યથી નવ જાતિમાં પ્રત્યેક અગ્યાર ફળ લઈને પ્રત્યેક પૂજા દીઠ નવ નવ ફળ મૂકવા જેથી દરેક અગ્યારે પૂજામાં નવ નવ મૂકતાં કુલ ૯૯ ફળ થાય તેજ રીતે નૈવેદ્ય આદિ પણ જઘન્યથી નવ જાતિના અગ્યાર અગ્યાર નંગ લાવીને પ્રત્યેક પૂજા દીઠ નવ નવ નંગ મૂકવા.

નવ્વાણું દીપક વંશમાલે ધરવા તથા અક્ષતના નવ્વાણું સાથિયા કરવા.

**શ્રી ગિરનારજી મહાતીર્થ મહિમા ગર્ભિત**
**શ્રી નવ્વાણું પ્રકારી પૂજા પ્રારંભ**

## પ્રથમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થને વંદન કરવા પૂર્વક ગિરનારની નવ્વાણું યાત્રાની વિધિનું વર્ણન સંક્ષિપ્તમાં કરવામાં આવે છે. સાથે સાથે શાસ્ત્રાધારે ગિરનારના છ આરા દરમ્યાનના વિધ વિધ નામો અને પ્રમાણનું વર્ણન કરેલ છે. અર્થાત્ કયા આરામાં ગિરનારનું શું નામ રહે છે અને તે તે આરામાં ગિરનારની ઉંચાઈ કેટલી રહે તેની માહિતી આપવામાં આવેલ છે.

ગિરનારજી મહાતીર્થના શાસ્ત્રીય છ નામો જ આજે ઉપલબ્ધ હોવા છતાં પ્રાય: શાશ્વત એવો આ ગિરિ અનંતકાળથી વિદ્યમાન હોવાથી તે વિધવિધ કાળે અનંતા નામોથી ઓળખાતો હશે પરંતુ વર્તમાનમાં તે નામો આપણી પાસે ઉપલબ્ધ નથી ત્યારે આ ગિરિના અનેક ગુણોને અનુલક્ષીને તેના ૧૦૮ નામોની સુંદર રચના કરવામાં આવેલ છે. જેમાંથી નવ્વાણું નામ પૈકી ૯-૯ નામોનો ઉલ્લેખ પ્રત્યેક પૂજામાં કરવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:



### ❖❖ દુહો ❖❖

શ્રી શાશ્વતગિરિ શિર ધરી, પ્રણમી શ્રી ગુરૂ પાય;
રૈવતગિરિ ગુણ ગાઈશું, સમરી શારદ માય. ।।૧।।

પ્રાય: એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહિ પાર;
દીક્ષા કેવળને નિર્વાણ, નેમીશ્વર મનોહાર. ।।૨।।

શત્રુંજય તીરથ તણું, શિખર પંચમ સાર;
દાયક પંચમનાણનો, ગિરિભૂષણ ગિરનાર. ।।૩।।

ઉત્કૃષ્ટ પરિણામે જે કરે, યાત્રા નવ્વાણું વાર;
પુણ્યપૂંજ કરી એક ઠો, ન લહે ફરી અવતાર. ।।૪।।

નવ કળશે અભિષેક નવ, એમ એકાદશ વાર;
પૂજા દીઠ શ્રીફળ પ્રમુખ, એમ નવ્વાણું પ્રકાર. ।।૫।।

### ❖❖ ઢાળ ❖❖

(રાગ : જિનરાજકું સદા મોરી વંદના)

ગિરનારકું સદા મોરી વંદના રે, ગિરનારકું સદા મોરી વંદના રે;
યાત્રા નવ્વાણું કરતાં હોવે, ભવોભવ પાપ નિકંદના રે... ।।૧।।

છરી પાળી રૈવતગિરિ આવી, નેમિનાથ જુહાર રે;
લાખ નવકાર ગણણું ગણીજે, પૂજા નવ્વાણું પ્રકાર રે... ।।૨।।

કેવલ દીક્ષા કલ્યાણકભૂમિ, નેમિજિન ચૈત્ય ઉદાર રે;
પ્રદક્ષિણા કાઉસ્સગ્ગ કરીજે, અષ્ટોત્તરશત વાર રે... ।।૩।।

ચોવિહાર છઠ્ઠ કરી સાત યાત્રા, ગજપદના જલે સ્નાન રે;
ચૌદ ચૈત્ય નવ વાર નમીજે, દેવવંદન ગુણગાન રે... ।।૪।।

છએ આરે ઈણ ગિરિના, વિધ વિધ નામ વખાણો રે;
યોજન છવ્વીસ વીસ ષોડશ દસ બે, છઠ્ઠે ચઉશત હસ્ત માનો રે... ।।૫।।

નવ્વાણું ગિરિ નામ ભલેરા, તેહમાં ષટ્ છે મુખ્ય રે;
કૈલાસગિરિ થયો પહેલ આરે, ઉજ્જયંત બીજે પૂજ્ય રે... ।।૬।।

ત્રીજે આરે રૈવતગિરિ મોહે, ચોથે સ્વર્ણગિરિ પ્રસિદ્ધ રે;
ઈણ પાવન તીર્થે આવીને, અનંત તીર્થંકર સિદ્ધ રે... ।।૭।।

પાંચમે આરે ગિરનાર સોહે, છઠ્ઠે નંદભદ્ર જણાય રે;
પારસગિરિ, યોગેન્દ્ર, સનાતન, ગિરિવર નામ કહાય રે... ।।૮ ।।

ગિરનાર ભક્તિ રંગ થકી રે, ઉપન્યો નેહ અપાર રે;
હેમ વદે એ તીરથ સેવંતા, ભવજલ પાર ઉતાર રે... ।।૯ ।।

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજા મહે સ્વાહા
।। ઈતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯ સંપૂર્ણ ।।

## દ્વિતીય પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થની સાત ટૂંકોના નામોનો ઉલ્લેખ કરવા સાથે આ ગિરિરાજની પ્રદક્ષિણા કરનારના દુઃખ અને દુર્ભાગ્ય દૂર નાશી જાય છે તેવું જણાવવામાં આવેલ છે.

આ સાત ટૂંકની પ્રથમ ટૂંક ઉપર મહાપ્રભાવશાળી ગજપદ કુંડ આવેલ છે તેના ઉદ્ગમના પ્રસંગની વાતો તથા અત્યંત દુર્ગંધ ધરાવતી દુર્ગંધા નામની સ્ત્રી આ પાવનકુંડના નિર્મળ જલથી સ્નાન કરવાના પ્રભાવે સુરભિપણાને પામે છે તેવું જણાવી આ પવિત્ર જલના પાન અને અર્ચન દ્વારા પ્રાપ્ત થતાં ફળ અંગે દૃષ્ટિપાત કરાવવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય :

**❖❖ દુહો ❖❖**

સાત ટૂંક ગિરનારની, આપે સપ્તમ રાજ;
ગજપદ કુંડનું પાવન જલ, કાપે કર્મને આજ.



**❖❖ ઢાળ ❖❖**

(રાગ : ગિરિવર દરિશન વિરલા પાવે)

ગિરનાર ગિરિવર નયણે નિરખે, પૂરવ ભવ કેરા પૂણ્ય પસાયે;
પરિક્મ્મા સાત ટૂંક કરે જે, દુઃખ દોહગ તસ દૂર પલાયે ।।૧।।

દેવકોટ નામે પહેલે શિખરે, અનુપમ ચૌદ જિનાલય સોહે;
બીજે અંબાજી ગોરખ ત્રીજે, ચોથે ઓઘડ મુજ મન મોહે ।।૨।।

પરમપદદાયક પંચમ શિખરે, નેમ પ્રભુજી મોક્ષે સિધાવે;
છઠ્ઠે અનસુયા સાતમે કાલિકા, સપ્ત શિખર ઇમ ગિરિ સુહાવે ।।૩।।

આવત ઇન્દ્ર ઇણગિરિ ઉપરે, ગજપદ ઠાવીને કુંડ બનાવે;
નેમિ જિણંદની પૂજા કાજે, ત્રિભુવન પાવક જલ તિંહા લાવે ।।૪ ।।

દ્વિજકુલ પામી પૂરવ ભવમાં, સાધુ દુગંછા કરે તીવ્ર ભાવે;
કર્મ વશે ભવરણમાં ભમીને, દુર્ગંધા દૂરભિપણું પાવે ।।૫ ।।

ગજપદ કુંડનો મહિમા સુણીને, રૈવતગિરિવર યાત્રાએ આવે;
સાત દિવસ તસ પાવન જલથી, સ્નાન કરી સુગંધિત થાવે ।।૬ ।।

પાવન એ જલપાનથી ભવિના, સઘળાં રોગો પલમાં જાવે;
નિર્મલ નીરથી જિનને અર્ચી, સર્વ તીરથ પૂજન ફળ પાવે ।।૭ ।।

સુરભિ, ઉદય, તાપસ, આલંબન, પરમગિરિ, શ્રીગિરિ, કહાવે;
સપ્તશિખર, ચૈતન્યગિરિવર, અવ્યયગિરિ, ના સુર ગુણ ગાવે ।।૮ ।।

ધ્યેય રૂપે ગિરિવર ધ્યાવંતા, આનંદ ધન આતમ આરાધે;
હેમ પરે તપ તાપે તપીને, ત્રિભુવન વલ્લભ શિવસુખ સાધે ।।૯ ।।

(કાવ્યમ-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ, પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજા મહે સ્વાહા

।। ઈતિ દ્વિતીય પૂજાભિષેકે ઉત્તરપૂજા ૧૮ સંપૂર્ણ ।।

## તૃતીય પૂજા

### ભૂમિકા

આ પૂજામાં પ્રાયઃશાશ્વત એવા ગિરનાર ગિરિવરના જિનાલયોના વર્તમાન અવસર્પિણીના ચોથા આરામાં થયેલા અનેકવિધ જિર્ણોદ્ધાર પૈકી મુખ્ય જિર્ણોદ્ધારોના નામ નિર્દેશ કરવામાં આવેલ છે. જેમાં યુગાદિજિન ઋષભદેવ પરમાત્માના પુત્ર ચક્રવર્તી ભરત મહારાજા દ્વારા સૌપ્રથમ જિર્ણોદ્ધારનો મંગલ પ્રારંભ થાય છે અને ચોથા આરાના મુખ્ય ઉદ્ધારો પૈકી અંતિમ ઉદ્ધાર કરવાનું શ્રેય કાશ્મીર દેશથી સંઘ લઈને આવેલ રત્નશ્રાવકના નામે લખાય છે.

આજે પણ ગિરનારજી મહાતીર્થ ઉપર મૂળનાયક બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માની જે પ્રતિમા બિરાજમાન છે તે આ રત્નશ્રાવક દ્વારા જ પધરાવવામાં આવેલ છે. પૂજાના અંતિમ ભાગમાં ગિરિના વિવિધ નામોના ઉલ્લેખ કરવા સાથે ગિરિના આ નામોના સ્મરણ માત્ર અને ધ્યાન કરવાથી પ્રાપ્ત થતાં લાભો તરફ અંગુલી દર્શન કરાવવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય :

❖❖ **દુહો** ❖❖

ભરત ક્ષેત્રના માનવી, ચોથા આરા મોઝાર;
જિનવર દરશન લહે, કરે આતમ ઉદ્ધાર.

❖❖ **ઢાળ** ❖❖

(રાગ : સિદ્ધાચલ શિખરે દીવો રે...)

ગિરનારે ચિત્તડું ચોર્યુ રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
વિણ દરિસણ આયખું ખોયું રે, નેમીશ્વરે મન મોહ્યું રે
આતમ ઉદ્ધારને કરવા રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
કીધા ઉદ્ધાર ગિરિ ગરવા રે, નેમીશ્વરે મન મોહ્યું રે ।।૧।।



ગિરનારે ચિત્તડું...
ભરતેસર પહેલા આવે રે, નેમી... નમે ચોથે આરે ભાવે રે, નેમી...
તીન કલ્યાણક નેમના જાણે રે, નેમી... સુરસુંદર ચૈત્ય રચાવે રે, નેમી.. ।।૨।।
ગિરનારે ચિત્તડું...
દંડવીર્ય અષ્ટમ પાટે રે, નેમી... કરી ઉદ્ધાર નેમનાથ ભેટે રે, નેમી...
હરિ અજિતનાથને આંતરે રે, નેમી... ચઉ ઉદ્ધાર ગિરિશણગારે રે, નેમી..।।૩।।
ગિરનારે ચિત્તડું...
કોડી સાગર લાખ અગ્યાર રે, નેમી... સપ્તમ સગર ઉદ્ધાર રે, નેમી...
ચન્દ્રયશ ચન્દ્રપ્રભ શાસને રે, નેમી... કરે તીર્થોદ્ધાર બહુમાને રે, નેમી... ।।૪।।
ગિરનારે ચિત્તડું...
ચક્રધર શાંતિનાથ સુત રે, નેમી... તસ નવમ ઉદ્ધાર હૂંત રે, નેમી...
રામચંદ્રનો દસમો ઉદ્ધાર રે, નેમી... અગ્યારમો પાંડવ સાર રે, નેમી.. ।।૫।।
ગિરનારે ચિત્તડું...
રત્નશ્રાવકે બારમો કીધો રે, નેમી... પ્રભુ થાપી દર્શનામૃત પીધું રે, નેમી...
પ્રભુ બેઠા પશ્ચિમા મુખ રે, નેમી... ભાંગે ભવિજનના દુઃખ રે, નેમી... ।।૬।।
ગિરનારે ચિત્તડું...
ધ્રુવ, પરમોદય, નિસ્તાર રે, નેમી... પાપહર, કલ્યાણક સાર રે, નેમી...
વૈરાગ્યગિરિ પુણ્યદાયક રે, નેમી સિદ્ધપદગિરિ દષ્ટિદાયક રે,નેમી... ।।૭।।
ગિરનારે ચિત્તડું...
નામે નિર્મલ હોવે કાયા રે, નેમી... પ્રભુ ધ્યાને નાશે જગ માયા રે, નેમી...
ગિરિ દરિસણ ફરશન યોગે રે, નેમી... હેમ સુખીયો કર્મ વિયોગે રે, નેમી...।।૮।।
ગિરનારે ચિત્તડું...

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજા મહે સ્વાહા

।। ઈતિ તૃતીય પૂજાભિષેકે ઉત્તરપૂજા ૨૭ સંપૂર્ણ ।।

## ચતુર્થ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગિરનારજી મહાતીર્થના પાંચમાં આરામાં થયેલા વિવિધ ઉદ્ધારો પૈકી મુખ્ય ઉદ્ધાર કરાવનાર પુણ્યાત્માઓની નામાવલી દર્શાવવામાં આવેલ છે. પરંતુ તે દરેક ઉદ્ધારની નોંધ અત્રે લેવામાં આવેલ નથી.

આ પાંચમાં આરાના ઉદ્ધારોમાં વિશિષ્ટતા એ છે કે સૌપ્રથમ ઉદ્ધાર કરાવનાર અનાર્ય દેશ બેબીલોનના રાજા નેબુચન્દ્ર હતા. અનેક સાહિત્યનો અભ્યાસ કરતા એવું અનુમાન થઈ શકે છે (તત્વ તો કેવળી ભગવંતો જાણે). કહે છે આ નેબુચન્દ્ર રાજા પરમાત્મા મહાવીરના શાસનના શ્રેણીક મહારાજાના મિત્ર હતા, તેમના પુત્ર આદ્રકુમારે અભયકુમારના પરિચયમાં આવીને દીક્ષા ગ્રહણ કરી હતી. પુત્રમુનિ આદ્રકુમારને શોધવા માટે પિતા નેબુચન્દ્ર મહારાજા ભારતમાં આવે છે ત્યારે જૈનધર્મથી પ્રભાવિત થઈ ગિરનાર ઉપરના બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના જીર્ણ હાલતમાં રહેલા જિનાલયને જોઈને તેમણે તેનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યારબાદ ગિરિના અનેક ઉદ્ધાર થયા હતા જેમાં વર્તમાનમાં ગિરનારના મૂળનાયક શ્રી નેમિનાથ પરમાત્માના જિનાલયનો ઉદ્ધાર વિ.સ. ૧૧૮૫ ની સાલમાં પાટણનરેશ સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન દ્વારા કરાવવામાં આવેલ હતો જેને કર્ણ વિહાર પ્રાસાદ નામ આપવામાં આવ્યું હતું. વિશ્વ માત્રમાં પ્રાયઃ એક માત્ર એવો આ પ્રાસાદ શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી બનાવવામાં આવેલ છે. ત્યારબાદ આ તીર્થના અનેક ઉદ્ધાર થયા પરંતુ શ્રી નેમિનાથ પરમાત્માના આ પ્રાસાદને યથાવત્ રાખીને તે ઉદ્ધાર કાર્યો થયા છે.

તાજેતરમાં લગભગ ૪૦ વર્ષ પૂર્વે જ્યારે શ્રી નેમિનાથ પ્રભુના દીક્ષા કેવળજ્ઞાન કલ્યાણકની પાવનભૂમિ-સહસાવન તરફ સમસ્ત જૈન સંઘ દ્વારા ઉપેક્ષા સેવાતી હતી તેવા અવસારે તપસ્વી સમ્રાટ પ.પૂ.આ.હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રચંડ પુરૂષાર્થ અને પુણ્યપ્રભાવથી આ સહસાવનની કલ્યાણકભૂમિમાં પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકની સ્મૃતિ અર્થે અત્યંત નયનરમ્ય વિશાળ સમવસરણ મંદિરનું નિર્માણ વિ.સ. ૨૦૪૦ ની સાલમાં કરવામાં આવેલ છે. જેના કારણે આજે



આ કલ્યાણકભૂમિ સુરક્ષિત છે અને તેનો મહિમા ભવ્ય જીવોના હૈયા સુધી પહોંચી ગયેલ છે. આ રીતે અનેક પુણ્યાત્માઓ આ તીર્થના માહાત્મ્યનું શ્રવણ કરી તીર્થ ભક્તિના ફળસ્વરૂપે સદ્ગતિ અને સિદ્ધિગતિના ભોક્તા બનવા સમર્થ થયા છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય :

**❖❖ દુહો ❖❖**

પંચમકાળના માનવી, હૈયે હરખ અપાર;<br>
નિજ નિજ શક્તિ થકી, ઉદ્ધાર કરે ગિરનાર.

**❖❖ ઢાળ ❖❖**

(રાગ : હે ત્રિશલાના જાયા...)

જે ગિરનારને ધ્યાયા, દોષો દૂર પલાયા;<br>
ગિરિવર કેરા ઉદ્ધાર કરાયા, જીવો સદ્ગતિ પાયા...<br>
જે ગિરનાર... ।।૧।।

અનાર્યદેશ બેબીલોનના, નેબુચન્દ્ર મહારાયા (૨)<br>
પુત્રમુનિ આદ્રકુમારને, શોધન કાજે આયા (૨)<br>
નેમિજિનાલય જિરણ દેખી, જીર્ણોદ્ધાર કરાયા...<br>
જે ગિરનાર... ।।૨।।

બપ્પભટ્ટસૂરીશ્વર સાથે, આમરાજ ગિરિ આયા (૨)<br>
નિજસંપત્તિ વ્યય કરીને, શાસનશાન બઢાયા (૨)<br>
એક એક મંદિર સાર કરીને, હર્ષોલ્લાસ ધરાયા...<br>
જે ગિરનાર... ।।૩।।

સિદ્ધરાજનૃપ સજ્જનમંત્રી, રૈવતગિરિવર આયા (૨)<br>
ગામેગામથી ઉદ્ધાર કાજે, શિલ્પીઓ બુલાયા (૨)<br>
કર્ણવિહાર પ્રાસાદ કરાવી, જગમાં કીર્તિ પાયા...<br>
જે ગિરનાર... ।।૪।।

વસ્તુપાળને તેજપાળ વળી, કુમારપાળ તિંહા આયા (૨)<br>
સમરસિંહ હરપતિ શ્રીમાળી, ચૌદમાં સૈકે આયા (૨)<br>
જયતિલક સૂરિ આણા લઈને, નેમિભવન સમરાયા...<br>
જે ગિરનાર... ।।૫।।

માલવદેવ પંદરમે સૈકે, કલ્યાણત્રય રચાયા (૨)<br>
લક્ષ્મીતિલક નરપાલ સજાવે, પૂર્ણસિંહ મનભાયા (૨)<br>
ચતુર્મુખ લક્ષોબા કરાવે, વર્ધમાન પદ્મ આયા...<br>
જે ગિરનાર... ।।૬।।

શાણરાજ ભુંભવ તિંહા આયા, ઇન્દ્રનીલ બનાયા (૨)
પ્રેમા સંગ્રામસોની ઉદ્ધરિયા, માનસિંહ અપર બનાયા (૨)
નરશી કેશવ વીસમી સદીમાં, નીતિસૂરિ મહારાયા...
જે ગિરનાર... ।।૭।।

નેમપ્રભુએ દીક્ષા-કેવલ, સહસાવનમેં પાયા (૨)
પાવન વહ ભૂમિકા મહિમા, જબસે ધ્યાનમેં આયા (૨)
હિમાંશુસૂરિરાયને ઉસકા, તીર્થોદ્ધાર કરાયા...
જે ગિરનાર... ।।૮।।

આંબડમંત્રી માનસિંહ મેઘજી, પાજગિરિ સમરાયા (૨)
પેથડ-ઝાંઝણ એ ગિરિ આયા, તીરથ ધ્વજ લહેરાયા (૨)
નામી અનામી કેઈ પુણ્યવાન્, ગિરિવર ભક્તિ પાયા...
જે ગિરનાર... ।।૯।।

ગિરિભક્તિનો મહિમા મોટો, કહેતા નાવે પારા (૨)
જિનવયણને સુણતાં સુણતાં, કર દે ભવ નિસ્તારા (૨)
આતમ અનુભવ તત્ત્વ પ્રકાશી, પંચમ ગતિ દાતારા...
જે ગિરનાર... ।।૧૦।।

ઇન્દ્ર, નિરંજન, વિશ્રામગિરિવર, પંચમગિરિ, ગુણગાયા (૨)
ભવચ્છેદક ને આશ્રયગિરિવર, સ્વર્ગ, સમત્વ સુખપાયા (૨)
અમલગિરિ કે જાપ ને હેમકો, આતમરામ બનાયા...
જે ગિરનાર... ।।૧૧।।

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાંદિકં યજામહે સ્વાહા
।। ઈતિ ચતુર્થ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૩૬ સંપૂર્ણ ।।

## પંચમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં પ્રારંભમાં જ પરમાત્મા સાથેની અવિહડ પ્રીતની વાત કરી નેમિનાથ પ્રભુનું મુખડું નિરખતાં હૈયું આનંદથી ઉલ્લસિત થવાના ભાવો વ્યક્ત



કરવામાં આવ્યા છે.

વર્તમાનમાં ગિરનારના શિખરે બિરાજમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાના ઇતિહાસની વાતો કરતા કહેવામાં આવે છે કે ગત ચોવીસીના સાગર નામના ત્રીજા તીર્થંકર પ્રભુના કાળમાં પાંચમાં દેવલોકના ઇન્દ્ર દ્વારા ભરાવેલી આ પ્રતિમાજી છે, જે વર્તમાન વિશ્વમાં પ્રાયઃ આ એક માત્ર એવી પ્રતિમાજી હશે જે બ્રહ્મલોકના દેવ દ્વારા તૈયાર કરવામાં આવી અને અસંખ્યાતા વર્ષો સુધી પાંચમાં દેવલોકમાં પૂજાયેલી હતી. અહીં પૂજાની રચનામાં શબ્દો અને અર્થની સુંદર ગુંથણી કરીને 'હરિ' શબ્દનો એક અર્થ ઇન્દ્રમહારાજા અને બીજો અર્થ કૃષ્ણમહારાજા તરીકે લઈને પંક્તિને અત્યંત રોચક બનાવવામાં આવી છે.

પાંચમાં દેવલોકમાં પૂજાયેલી આ પ્રતિમા ઇન્દ્રમહારાજા દ્વારા બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુના સુચનથી કૃષ્ણ મહારાજાના ગૃહચૈત્યમાં પધરાવવામાં આવે છે, ત્યારબાદ દ્વારિકાનગરીના દાહ અવસરે આ પ્રતિમાજીને શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવી ગિરનારની ગુફામાં પધરાવી અવસરે રત્નશ્રાવકને આ પ્રભુજી અર્પણ કરે છે. રત્નશ્રાવક તે પ્રભુજીને ગિરનારની પ્રથમ ટૂંક ઉપર લગભગ ૮૫ હજાર વર્ષ પૂર્વે સ્થાપન કરે છે, જે આજે પણ ગિરનાર ઉપર બિરાજમાન છે.

આવા ગૌરવશાળી ગિરનારને રોમે રોમ અને શ્વાસોશ્વાસમાં વસાવીને તેનો જાપ કરવામાં આવે તો આ ભવસંસાર તરવો અતિસરળ બની જાય છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**❖❖ દુહો ❖❖**

નયન નિરૂપમ જેમના, રમણીય રૂપ દેદાર;
એવા નેમિનાથથી, શોભે ગઢ ગિરનાર.

**❖❖ ઢાળ ❖❖**

(રાગ : ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી...)

નેમિ નિરંજન કિમહી ન વિસરે,
મનમોહનકી મોહનગારી, મૂરત દેખી હિયડું હરખે ।।૧।।

ગતચોવીસી ત્રીજા પ્રભુ મુખે, બ્રહ્મેન્દ્ર નિજ મુક્તિ જાણી;
અંજનરત્ન નેમિપ્રભુની, ભરે પ્રતિમા ભક્તિ આણી... ।।૨।।

અસંખ્યકાળ તે પ્રભુને પૂજી, હરિ તે પ્રતિમા હરિને આપે ;
દ્વારિકા નાશ થતાં જિનબિંબને, અંબિકા નિજ ભવને સ્થાપે... ।।૩।।

નેમ નિર્વાણ સહસદોય વર્ષે, રત્નાશા છ'રીપાલિત આવે ;
ગજપદ જલના કળશા ભરીને, વેળુબિંબ ભવિજન નવરાવે... ।।૪।।

ગલત પ્રતિમા પ્રભુની પેખી, આહાર ચાર રત્ન તિંહા ત્યાગે ;
ઉપવાસ કરી એક માસને અંતે, શાસનદેવી અંબિકા જાત્તે... ।।૫।।

વજ્ર અભેદ્ય રત્નની પડિમા, કલિકાલ જાણી આપે રતનને ;
નેમિનાથ મૂરત પધરાવી, શોભાવે ગિરનારગિરિને... ।।૬।।

જ્ઞાનોદ્યોતગિરિ, ગુણનિધિ, સ્વયંપ્રભ, નામે પાપ પલાયે ;
અપૂર્વગિરિ પૂર્ણાનંદગિરિવર, અનુપમગિરિ પરે મુગતે જાયે... ।।૭।।

પ્રભંજનગિરિ, પ્રભવગિરિવર, શોભે મહિતલ અદ્ભૂત કાયે ;
અક્ષયગિરિ એ સોરઠદેશની, પૃથ્વી સઘળી પાવન થાયે ... ।।૮।।

રોમે-રોમે ગિરનાર ગુંજે, શ્વાસે-શ્વાસે નેમિનાથ બિરાજે ;
હેમવલ્લભ કહે નામ પ્રભુનું, જપીએ ભવજલ તરવા કાજે ... ।।૯।।

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં ;
સદા કલ્યાણકે ; પૂતં વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
।। ઈતિ પંચમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૪૫ સંપૂર્ણ ।।

## ષષ્ઠમ પૂજા

ભૂમિકા

આ પૂજામાં ગિરનાર માહાત્મ્યની વાતો કરતાં પ્રારંભમાં જ કહેવામાં આવે કે જો ગિરનારનો સાથ મળે અને નેમિનાથ પ્રભુનો હાથ મસ્તકે પડી જાય તો આ આત્માને જગતમાં કઈ વાતની ઓછપ હોય !



ગિરિનો મહિમા વર્ણવતા જણાવવામાં આવે છે કે ગિરનાર સિવાય અન્ય કોઈ પણ સ્થાન પર રહ્યા રહ્યા પણ જો ગિરનારનું ધ્યાન ધરવામાં આવે તો અનાદિકાળથી ચતુર્ગતિમાં ભ્રમણ કરતો આ આત્મા ચોથા ભવે મુક્તિપદ પામવા સમર્થ બની શકે છે. વળી આ ગિરિના શરણે જઈને કેટલાય પાપી-ઘાતક-વ્યસની આત્માઓ શાશ્વતસુખના ભોગી બન્યા છે, જિનશાસનના કંઇક વીરલાઓએ આ તીર્થની ભક્તિ દ્વારા પોતાના માનવભવને સફળ કરેલ છે.

અરે ! જે પક્ષીની છાયા પણ આ ગિરિ ઉપર પડે તેના દુર્ગતિના ભ્રમણ અટકી જાય છે અને ત્રસ-સ્થાવર જે કોઈ તિર્યંચ જીવો આ ગિરિના સાંનિધ્યમાં રહે છે તેના પરમપદ તરફના ગમનનો પ્રારંભ થતાં કર્મમલને હળવા કરી તેઓ શીઘ્ર મુગતિ ગામી થાય છે.

અંતે ખૂબજ સુંદર વાત કરી છે કે જેમ પારસમણિના સ્પર્શ માત્રથી કથીર પણ કાંચન અર્થાત્ સુવર્ણ બની જાય છે અને સાક્ષાત્ હેમના એટલે કે સુવર્ણના જેવા ગુણો હોય તેવા જ ગુણોને પામે છે તે જ રીતે રૈવતગિરિના સ્પર્શ માત્રથી અનાદિકાળના ભવભ્રમણ દરમ્યાન અશુદ્ધ કર્મ મલથી દૂષિત થયેલો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા જગતમાં વલ્લભ અર્થાત પ્રિય એવા વીતરાગપણાને પામીને મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય :

### ❖❖ દુહો ❖❖

અહો અહો એ ગિરનારની, સ્તવના અતિ સુખદાય ;
પૂજો વંદો શુભભાવથી, પાતિક સવિ દૂર પલાય

### ❖❖ ઢાળ ❖❖

(રાગ : ઋષભ જિનરાજ મુજ... ) (જાગને જાદવા...)

સાથ ગિરનારનો હાથ નેમનાથનો, હોય જો મસ્તકે તો શો તોટો ;
અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ, ચોથે ભવ પામતો મોક્ષ મોટો... ।।૧।।

માત તાત ઘાતકી પાતકી અતિ ઘણો, રાય ભીમસેન ગિરનાર આવે,
મુનિ બની મૌન ધરી અષ્ટદિન તપ તપી, ઉજ્જયંતગિરિએ મુગતિ પાવે... ।।૨।।

વસ્તુપાલ તેજપાલ મંત્રી સાજનને, ધાર પેથડ શ્રાવક ભીમો ;
તીર્થભક્તિ કરી તન મન ધન થકી, મનુજ અવતાર તસ સફલ કીનો... ।।૩।।

છાયા પણ પક્ષીની આવી પડે ગિરિવરે, ભ્રમણ દુર્ગતિ તણા નાશ થાવે;
જલ થલ ખેચરા ઈણ ગિરિ પર રહી, ત્રીજે ભવ મોક્ષ મોઝાર જાવે... ।।૪।।

વ્યક્ત ચેતન રહિત પૃથ્વી અપ તેજસા, વાયુ પાદપ ગિરનાર પામી;
તીર્થ મહિમા થકી કર્મ હળવા કરી, સવિ થયા તેહથી મુગતિ ગામી... ।।૫।।

રત્ન, પ્રમોદ, પ્રશાંત, પદ્મગિરિ, સિદ્ધશેખર, ભવિ પાપ જાવે;
ચન્દ્ર-સૂરજ ગિરિ ઇન્દ્રપર્વતગિરિ, આત્માનંદ, ગિરિવર કહાવે... ।।૬।।

કથીર કાંચન હુવે પારસના યોગથી, હેમ પરે શુદ્ધ નિજ ગુણ પાવે;
તિમ રૈવતગિરિ યોગથી આતમા, પદવી વલ્લભ લહી મોક્ષ જાવે... ।।૭।।

(કાવ્યમ્-અનુષ્ટપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
।। ઈતિ ષષ્ઠમ્ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૫૪ સંપૂર્ણ ।।

## સપ્તમ પૂજા

### ભૂમિકા

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુ સાથેની અવિહડ પ્રીત એવી બંધાઈ ગયેલ છે કે હવે જો એક ક્ષણ માત્ર માટે પણ મનથી પ્રભુનું વિસ્મરણ થાય તો અમારા પ્રાણ આ નશ્વરદેહ છોડી પ્રભુના ચરણોમાં ચાલ્યા જશે, બસ ! હવે તો આ પ્રાણને દેહમાં ટકાવનાર માત્ર ને માત્ર અમારા નેમિપ્રભુ છે, તેના થકી જ અમારૂં જીવન છે તેવા ભાવો આ પૂજામાં વ્યક્ત કરેલ છે.

નેમિપ્રભુ-ગિરનારની ભક્તિ કરતાં કરતાં હરિ એટલે કે કૃષ્ણમહારાજા પણ તીર્થંકર નામકર્મ નિકાચિત કરી આગામી ચોવીસીમાં આ જ ભરતક્ષેત્ર ઉપર બારમાં તીર્થંકર અમમ સ્વામિ તરીકેનું પદ પામશે.

સમતારસનું સતત અમૃતપાન કરાવતો ધીરગંભીર એવા અનેક ગુણોના સમંદરરૂપી ગિરનાર અને તેના ઉત્તુંગ શિખરે બિરાજમાન શ્રી નેમિપ્રભુનું હર પલ



અને હર ક્ષણ સુતાં-જાગતાં નિશદિન અવિરતપણે ધ્યાન ધરીએ છીએ.

આ નેમિપ્રભુએ અસીમકૃપા કરીને દુર્લભ એવા માનવભવ, સોહામણા સંયમજીવન અને ગૌરવશાળી ગિરનારનું સાંનિધ્ય પ્રાપ્ત કરાવેલ છે. તે પ્રભુના આ ઉપકારનો બદલો સંપૂર્ણતયા વાળવાનું મારા જેવા પામર જીવ માટે તો અસંભવ છે તેવું જણાવીને રચનાકાર કહે છે કે આ ઉપકારોની યત્કિંચિત ઋણમુક્તિ માટે મેં તો અતિમૂલ્યવાન એવા મારા મનરૂપી માણેકને આપના ચરણકમલમાં ગિરવે મૂકી દીધું છે. પણ પ્રભુ ! આ શું ? જ્યાં એક તરફ આપના અનહદ્ ઉપકારોમાંથી અંશમાત્ર પણ મુક્ત થવા પ્રયત્ન કરું છુ ત્યાં તો બીજી તરફ આપ કૃપાળુ ! કરૂણાસાગરે મારા ઉપર પ્રેમરસની હેલી વરસાવીને મારા માથે ચઢેલા ઉપકારોના બોજામાં ઘરખમ વધારો કરી દીધો છે. હે દેવાધિદેવ ! પાંગળો એવો હું હવે આપના આ મહોપકારનો બદલો શી રીતે વાળી શકીશ ? તેની કાંઈ સમજ પડતી નથી. બસ ! હવે તો આપના પ્રત્યે દઢશ્રદ્ધા પ્રગટ થઈ ગઈ છે કે આ બાળના આત્માનો ઉદ્ધાર માત્ર ને માત્ર આપના થકી જ થવાનો છે.

અંતે ખૂબ સરસ ભાવો પ્રગટ કરતાં કહે છે કે, હે પ્રભુ આપ તો કરૂણારસના ભંડાર છો ! આપના નયનોમાંથી તો કરૂણારસનો ધોધ અનરાધાર વરસી રહ્યો છે. હવે એક જ અરમાન છે કે આપના કરૂણાસભર નેત્રોની છબી (પ્રતિબિંબ) જો મારા હૃદયરૂપી દર્પણમાં આવી જાય તો બસ ! હંમેશા આપના નેત્રયુગલમાંથી અવિરતપણે ઝરતાં કરૂણારસના સ્ત્રોતને ઝીલતા ઝીલતા મારા આતમરામને નિશદિન ભીંજવતો રહું.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

❖❖ **દુહો** ❖❖
ગિરનાર ગિરિનો રાજીયો, નેમિ નિરંજન જોય;
તન મન આતમનો ધણી, દૂજો ન હોવે કોય.

❖❖ **દુહો** ❖❖
(રાગ : મેરો પ્રભુ પારસનાથ આધાર)
મેરો પ્રભુ, નેમ તું પ્રાણ આધાર,
વિસરું જો પ્રભુ એક ઘડી તો, પ્રાણ રહે ના હમાર... ।।૧।।

ભોગ ત્યજીને જોગ લેવાને, નીકળ્યા નેમકુમાર,
ગઢ ગિરનારને ઘાટે વસિયા, બ્રહ્મચારી શિરદાર... ।।૨।।

તુજ તીરથની ભક્તિ કરતાં, થાય હરિ એક તાર;
પદ તીર્થંકર કરે નિકાચિત, અકલ તુજ ઉપગાર... ॥૩॥

સમતારસ ભરીયો ગુણ દરિયો, નેમનાથ ગિરનાર;
સુતા જાગતા ધ્યાવું નિશદિન, શ્વાસમાંહિ સો વાર... ॥૪॥

મન માણિકકું સોંપ્યું મેં તો, મનમોહનને ઉધાર;
પ્રેમ વ્યાજ ચઢ્યો છે ઈતનો, કિમ છૂટશે કિરતાર... ॥૫॥

હારૂં નહિ તુજ બલ થકીજી, સિદ્ધસુખ દાતાર;
શ્રદ્ધા ભરી છે એક હૃદયમાં, તુજથી પામીશ પાર... ॥૬॥

આનંદઘરગિરિ, સુખદાયી,ભવ્યાનંદ, મનોહાર;
પરમાનંદગિરિ, ઇષ્ટસિદ્ધિગિરિ, રમાનંદ જયકાર... ॥૭॥

ભવ્યાકર્ષણગિરિ, દુઃખહરગિરિ, શિવાનંદ સુખકાર;
જગનાયક નેમિનાથ કહાવે, ગિરિનાયક શણગાર... ॥૮॥

શામળિયાકું અખિયન જાણે, કરૂણારસ ભંડાર;
હેમવદે પ્રભુ તુજ અખિયનકું, દીયો છબી અવતાર... ॥૯॥

(કાવ્યમ્ -અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈ; પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
॥ ઇતિ સપ્તમ્ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૬૩ સંપૂર્ણ ॥

## અષ્ટમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ભવભ્રમણના દુઃખોથી છૂટવા બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માને વિનંતી કરવામાં આવે છે કે પ્રભુ ! હવે મને આ ભવદુઃખડાથી બચાવો !



હવે તો આ ગિરનાર ગિરિવર એક જ સહારો હોવાનો મને અહેસાસ થાય છે.

ગિરનાર ગિરિવરના સ્મરણ અને સેવન થકી અનેક પુણ્યાત્માઓ શિવસુખના સ્વામિ બની ચૂકયા છે તેમાં જૈનધર્મને પામેલી અંબિકા, અતિહિંસક અને મિથ્યાત્વી ગોમેધ બ્રાહ્મણ, અતિદુઃખી અને દરિદ્ર અશોકચન્દ્રની વાતનો ઉલ્લેખ અહીં કરવામાં આવેલ છે.

અંતે પરમાત્માના પદકમલમાં રહીને ભમરાની માફક અમૃતથી પણ અતિ મીઠા એવા પ્રભુના પ્રેમરસનું પાન રચનાકાર કરી રહ્યાં છે તેવું વર્ણન કરવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય :

❖❖ **દુહો** ❖❖

ગોમેધ યક્ષમાં અંબિકા, વિઘ્ન નિવારણ હાર;
અહોનિશ ભક્તિ ભાવથી, તીર્થ તણી કરે સાર.

❖❖ **ઢાળ** ❖❖

(રાગ : બાપલડાં રે પાતિકડાં...)

તારો તારો નેમિનાથ મને તારો, ભવના દુઃખડા વારો રે;
માહરે મન ગિરનાર ગિરિવર, જાણો એક સહારો રે... ॥૧॥

જૈનધર્મી અંબિકા પરણી, બ્રાહ્મણ કુલે જાવે રે;
સાધુને પડિલાભી હરખે, પુન્ય પોટલીયાં પાવે રે... ॥૨॥

કટુ વચન સાસુના સૂણીને, સુતદોય લેઈ ઘર છોડી રે;
ગિરનાર-નેમિનાથ રટતાં-રટતાં, પડે કૂવે કર જોડી રે... ॥૩॥

એમ શુભધ્યાનથી ઉપની ભવને, ગિરિએ નેમ જૂહારે રે;
થાયે શક્ર પ્રભુ પરભાવિકા, શાસન વિઘ્ન નિવારે રે... ॥૪॥

બ્રાહ્મણ અતિહિંસક મિથ્યાત્વી, અતિ વ્યાધિએ વ્યાપતો રે;
ગિરનારગિરિનું શરણું પામી, યક્ષ ગોમેધએ થાતો રે... ॥૫॥

અશોકચન્દ્ર દુઃખી દારિદ્રી, ગિરનારે તપ તપતો રે;
આપે અંબિકા પારસમણિ, રાજરિદ્ધિમાં એ રમતો રે... ॥૬॥

સંઘસહિત રૈવતગિરઆવે, લેઈ દીક્ષા પ્રભુ ધ્યાવે રે;
ઘાતીઅઘાતી કર્મો ખપાવે, શિવસુંદરીને પાવે રે... ।।૭।।

ઉજ્જવલ, આનંદ, તીર્થોત્તમગિરિ, મહેશ્વર, રમ્ય જાણો રે;
બોધિદાય, મહોધોત, અનુત્તર, પ્રશમગિરિ ને વખાણો રે... ।।૮।।

અમૃતથી અતિમીઠો પ્રભુનો, પ્રેમનો પ્યાલો પીધો રે;
હેમવલ્લભ પ્રભુ પાદપદ્મે, ભ્રમર પરે રસ લીધો રે... ।।૯।।

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
।। ઈતિ અષ્ટમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૭૨ સંપૂર્ણ ।।

## નવમ્ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુ સાથે પોતાના સ્નેહભાવને વર્ણવીને ગિરનાર ગિરિવર ઉપર થયેલા પ્રભુના દીક્ષા કલ્યાણક, સાધનાકાળ, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક અવસરની વાતો ખૂબ જ સરળ અને રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કરીને ગાનારના હૃદયકમળ સુધી પહોંચવાનો સફળ પ્રયોગ કરવામાં આવેલ છે. સાથે સાથે દરેક કલ્યાણક અવસરના દૃશ્યને આકાર આપવામાં આવેલ છે.

નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય :

❖❖ **દુહો** ❖❖
દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરસતા, જનમ સફળ થયો જાણ.



❖❖ **ઢાળ** ❖❖
(રાગ : નિરખ્યો નેમિ જિણંદને...)
તુમ સરીખો દીઠો નહિં મન મોહન મેરે, જગમાં દેવ દયાળ રે સુણ શામળ પ્યારે,
પશુ તણો પોકાર સુણી મન મોહન મેરે, છોડ ચલે રાજુલનાર રે સુણ શામળ પ્યારે ।।૧।।

દીન દુઃખીયા સુખીયા કીધા મન મોહન મેરે, દોલત વરસીદાન રે સુણ શામળ પ્યારે
રૈવતગિરિ સહસાવને મન મોહન મેરે, સહસ પુરૂષ સંગાથ રે સુણ શામળ પ્યારે ।।૨।।

અજુઆલી શ્રાવણ છઠ્ઠે મનમોહન મેરે, સજે સંજમ શણગાર રે સુણ શામળ પ્યારે,
દિન ચોપન કરી સાધના મન મોહન મેરે, કરે પાવન ગઠ ગિરનાર રે સુણ શામળ પ્યારે ।।૩।।

ભાદ્રવદી અમાસના મન મોહન મેરે, બાળે ઘાતી તમામ રે સુણ શામળ પ્યારે,
સમવસરણ સુરવર રચે મન મોહન મેરે, ચોત્રીસ અતિશય તામ રે સુણ શામળ પ્યારે ।।૪।।

ત્રિભુવન તારક પદ લહી મન મોહન મેરે, કરે જગત ઉપકાર રે સુણ શામળ પ્યારે,
મધુરગીરા જિનવર સુણી મન મોહન મેરે, ભવતરીયા નરનાર રે સુણ શામળ પ્યારે ।।૫।।

પંચમશિખર ગિરનાર રે મન મોહન મેરે, પાંચશો છત્રીસ સાથ રે સુણ શામળ પ્યારે,
અષાઢ સુદ આઠમ દિને મન મોહન મેરે, સોહે શિવવધૂ સંગાથ રે સુણ શામળ પ્યારે ।।૬।।

મોહભંજક, પરમાર્થગિરિ, મન મોહન મેરે, શિવ સ્વરૂપ વખાણ રે સુણ શામળ પ્યારે
લલિતગિરિઅમતૃગિરિ મન મોહન મેરે, દુર્ગતિવારણ, જાણ રે સુણ શામળ પ્યારે ।।૭।।

કર્મક્ષાયક અજેયગિરિ મનમોહન મેરે, સત્ત્વદાયક ગિરિ, જોય રે સુણ શામળ પ્યારે
ગુણ અનંત એ ગિરિતણા મન મોહન મેરે, પાર ન પામે કોય રે સુણ શામળ પ્યારે ।।૮।।

નેમિનિરંજન સાહિબો મન મોહન મેરે, બીજો ન આવે દાય રે સુણ શામળ પ્યારે,
કૃપા નજર પ્રભુ તાહરી મન મોહન મેરે, હેમને શિવસુખ થાય રે સુણ શામળ પ્યારે ।।૯।।

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
।। ઇતિ નવમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૮૧ સંપૂર્ણ ।।

## દશમ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં જગપ્રસિદ્ધ એવા આ ગઢગિરનારના આલંબનથી તથા તેના પરમ સાંનિધ્યમાં રહીને કેટલાય આત્માઓ સામાન્ય કેવલીપણાને અથવા તીર્થંકરપદને પામીને આ ભવસાગરને પેલેપાર પરમપદ પામી ચૂક્યા છે તેનું પ્રરૂપણ કરવામાં આવેલ છે. જેમ જેમ એ ગિરિનું સેવન કરવામાં આવે તેમ તેમ કર્મક્ષય થતો જાય છે તેમ કહી અત્યાર સુધીમાં આ ગિરિવરમાં વસવાટ કરવા માત્રથી અનંતા ત્રસ-સ્થાવર તિર્યંચ આત્માઓ પણ મુક્તિપુરી તરફ પ્રયાણ કરી ચૂક્યા છે તેમ કહેવામાં આવે છે.

વર્તમાન ચોવીસીમાં નેમિપ્રભુના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક, ગતચોવીસીમાં આઠ પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક અને બે પરમાત્માના માત્ર મોક્ષ કલ્યાણક થયા છે, આગામી ચોવીસીમાં ચોવીસે ચોવીસ પ્રભુના મોક્ષ કલ્યાણક અને બે પ્રભુના દીક્ષા-કેવળ કલ્યાણક થશે, હાલ પર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક આ પાવનભૂમિ ઉપર થઈ ચૂક્યા છે.

અરે ! નેમિપ્રભુના શાસનના ૧, દેવકી (આવતી ચોવીસીમાં અગ્યારમાં શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાન) ૨, કૃષ્ણ (આવતી ચોવીસીમાં બારમાં શ્રી અમમસ્વામિ ભગવાન) ૩, રોહિણી-બલભદ્રના માતા (આવતી ચોવીસીમાં સોળમા શ્રી ચિત્રગુપ્ત પરમાત્મા) ૪, શતાલી શ્રાવક (આવતી ચોવીસીમાં અઢારમાં શ્રી સંવર પરમાત્મા) ૫, દ્વૈપાયન ઋષિ (આવતી ચોવીસીમાં ઓગણીસમાં શ્રી યશોધર પરમાત્મા) ૬, કર્ણ (આવતી ચોવીસીમાં વીસમાં શ્રી વિજય પરમાત્મા)

આ ઉપરાંત અન્ય ચાર આત્માઓના નામોના મતાંતરોનો ઉલ્લેખ અનેક આગમ ગ્રંથોમાં આવે છે તેવું સ્પષ્ટ માર્ગદર્શન શ્રી દીપાલિકા કલ્પ ગ્રંથ દ્વારા મળે છે.

આ પુણ્યાત્માઓએ ગિરનાર અને નેમિપ્રભુની ભક્તિ દ્વારા જિનનામકર્મ નિકાચિત કર્યું છે અને આવતી ચોવીસીમાં આ જ ભરતક્ષેત્રની ભોમકા ઉપર તીર્થંકરપણાને પ્રાપ્ત કરી આ જ ગિરનાર ગિરિવર ઉપરથી મોક્ષે પધારશે.

સહસાવનમાં રાજીમતીજી, રહનેમિ આદિ અનેક દિક્ષા-કેવળ



અને મુક્તિ પામ્યા છે. ગિરનાર ગિરિવર દીક્ષાનો દાતાર હોવાથી ગજસુકુમાલ મુનિ, સુમુખાદિ પંદરકુમાર, નિષધ-સારણાદિ કુમારો, સમુદ્રવિજય-શિવમાતા, કૃષ્ણના સાત ભાઈઓ, કૃષ્ણની રુક્મણી આદિ રાણીઓ વગેરે અનેક આત્માઓને ચારિત્રરત્નનું ઉદાર હૈયે દાન કરેલ છે. અનંતા આત્માઓને ભવ પાર ઉતાર્યા છે. તેથી હે ભવ્યજનો ! આ ગરવાગઢ ગિરનારનું નિત્ય ધ્યાન કરો ! એવો સંદેશ આપવામાં આવેલ છે.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**❖❖ દુહો ❖❖**

વ્રત નાણ નિર્વાણપદ, પામ્યા જિન અનંત;
અન્ય અનંતજિન શિવવર્યા, ગિરનાર કલ્પ વદંત.

**❖❖ ઢાળ ❖❖**

(રાગ : ધન ધન શ્રી અરિહંતને રે...)

ધન ધન શ્રી ગિરનાર રે, તાર્યા અરિહા અનંત સલૂણા;
એ ગિરિવરને ફરસતા રે, આતમ નિર્મલ થાય સલૂણા... ।।૧।।

જિમ જિમ એ ગિરિ સેવીએ રે, તિમ તિમ કર્મ ખપાય સલૂણા;
ત્રસ થાવર તસ વાસથી રે, પામે શિવપદ પંથ સલૂણા... ।।૨।।

ત્રિકલ્યાણક ભૂતકાળમાં રે, અનંતા જિન ગિરનાર સલૂણા;
વળી અનંતા પ્રભુ પામીયા રે, નિર્વાણપદ ગિરનાર સલૂણા... ।।૩।।

ગત ચોવીસીમાં ત્રણ થયા રે, નેમીશ્વર આદિ અડના સલૂણા;
અન્ય બે જિનવર લહે રે, મોક્ષગમન ગિરનાર સલૂણા... ।।૪।।

અનંતવીર્ય ભદ્રકૃત્ના રે, દીક્ષા-નાણ-નિર્વાણ સલૂણા;
શેષ બાવીસ જિન પામશે રે, મુક્તિપદ બહુમાન સલૂણા... ।।૫।।

સહસાવનમાં રાજીમતી રે, રથનેમિ વરે જ્ઞાન સલૂણા;
કૃષ્ણકેરા સપ્ત બાંધવા રે, રુક્મણી સહ અણગાર સલૂણા... ।।૬।।

ગજસુકુમાલ મુણિંદનું રે, વ્રત-નાણ ને નિર્વાણ સલૂણા ;
સુમુખાદિ પંદર ગ્રહે રે, સંસાર છેદક વ્રત સલૂણા... ।।૭।।

સમુદ્રવિજય શિવામાતને રે, વિરતિ કેરું વરદાન સલૂણા ;
નિષધ સારણાદિ કુમારને રે, ચારિત્ર મળે ગિરનાર સલૂણા... ।।૮।।

દીક્ષા જ્ઞાન શિવદાનથી રે, તાર્યા અનંત ભવપાર સલૂણા ;
વિરતી વ્રત સંયમ ગિરિ રે, સર્વજ્ઞ કેવલ જ્ઞાન સલૂણા... ।।૯।।

નિર્વાણ તારક શિવ ગિરિ રે, સેવતા હેમ હોવે પાર સલૂણા ;
ઈણ કારણ ભવિ પ્રાણીયા રે, નિત્ય ધ્યાવો ગિરનાર સલૂણા... ।।૧૦।।

(કાવ્યમ્ - અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં, વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ॐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
।। ઈતિ દશમ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯૦ સંપૂર્ણ ।।

## એકાદશ પૂજા

### ભૂમિકા

આ પૂજામાં ગરવા ગઢ ગિરનારના મહિમાની અનેક વાતોને સંક્ષિપ્તમાં વર્ણવવામાં આવેલ છે.

વસ્તુપાળ ચરિત્ર ગ્રંથમાં તો જગ પ્રસિદ્ધ એવા બે મહાતીર્થ શત્રુંજય અને ગિરનારની યાત્રાના એક સરખા ફળ કહેવામાં આવેલ છે. શત્રુંજય મહાતીર્થના ૧૦૮ શિખર પૈકી આ રૈવતગિરિ એટલે કે ગિરનાર મહાતીર્થ તે પાંચમું શિખર છે જે પંચમજ્ઞાન એટલે કે કેવળજ્ઞાનનો દાતા છે.

આ ગિરિવરના સ્પર્શમાત્રથી ઘોર પાપીઓના પાપ અને કુષ્ઠાદિ અનેક રોગીઓના રોગનો નાશ થાય છે. આવા અચિન્ત્ય મહિમાને જાણીને લેશમાત્ર



પણ બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર માત્રને માત્ર શુદ્ધભાવપૂર્વક આ ગિરિને નમન કરતાં રચનાકાર લખે છે કે આ અચિન્ત્ય મહિમાવંત ગિરનારના સંપૂર્ણગુણોને જાણવા હું અસમર્થ હોવા છતાં મારા પૂર્વભવોના કોઈ પ્રચંડ પુણ્યના ઉદયથી આ ગિરિનું પરમસાંનિધ્ય પામ્યો છું તેથી દેવાધિદેવ નેમિનાથ પરમાત્મા અને ગિરનાર ગિરિવર પ્રત્યેની અનહદ્ લાગણીના પ્રભાવે મારો આતમરામ ભક્તિના રંગે રંગાયેલ છે. બસ ! અનિમેષ નયને આ નેમ નગીનાને નિરખતાં આ નયણા કદિ તૃપ્ત થતાં નથી.

આવા મહામહિમાવંત ગિરિની ભક્તિકાજે તન-મન-જીવન કુરબાન કરી શહીદ થવાની તૈયારીના ભાવો પ્રગટ કરવા પૂર્વક આ પૂજાની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે.

**વિશેષ માહિતી માટે આ પૂજાના રચનાકાર દ્વારા લિખિત**
**સૌ ચાલો ગિરનાર જઈએ**
**પુસ્તક અવશ્ય વાંચવુ.**

નમોઽર્હત સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

❖❖ **દુહો** ❖❖

ગિરિના ધ્યાન થકી સૌ, પામશું ભવનો અંત;
એહ હરખ ઉરમાં ધરી, રૈવતગિરિને ભજંત.

❖❖ **ઢાળ** ❖❖

(રાગ : જિણંદા પ્યારા મુણિંદા પ્યારા...)
રૈવત પ્યારો, ઉજ્જયંત પ્યારો, દેખો રે ગઢ ગિરનાર;
દેખો રે નેમિનાથ પ્યારો;

શત્રુંજય સમો રૈવત મહિમા, શાસ્ત્ર વચન પ્રમાણ... ।।૧।।
એ ગિરિ પંચમ નાણનો દાતા, પંચમ શિખર વખાણ... ।।૨।।

ઘોર પાપ કુષ્ઠાદિક રોગો, રૈવત ફરશે પલાય... ।।૩।।
ઈણ તીરથ આરાધન કરતાં, ક્રોડગણું ફલ થાય... ।।૪।।

મહિમા મોટો એ ગિરિવરનો, પાર કદિ ન પમાય... ।।૫।।
બુદ્ધિનો લવલેશ ન મુજમાં, ભાવથી નમું ગિરિરાય... ।।૬।।

આજ લગી શાશ્વતગિરિવરના, જાણ્યા ન ગુણ અપાર... ।।૭।।
પૂરવ પુણ્ય પસાયે પામ્યો, હાથ ન છોડું લગાર... ।।૮।।

નેમિ નિરંજન ગિરિ પ્રીતે, આતમરામ રંગાય... ।।૯।।
નિરખી નિરખી નેમ નગીનો, નયણા કદિ ન ધરાય... ।।૧૦।।

હંસગિરિ વિવેકગિરિવર સુણતાં ચિત્ત હરાય... ।।૧૧।।
મુક્તિરાજ મણિકાન્ત મહાયશ અવ્યાબાધ સુહાય... ।।૧૨।।

જગતારણ વિલાસ અગમ્ય નામથી પરમ નિધાન... ।।૧૩।।
હેમવદે ગિરિભક્તિ કાજે, તન મન મુજ કુરબાન... ।।૧૪।।

(કાવ્યમ્-અનુષ્ટુપ)
અનંત મહિમાવન્તં, દીક્ષા કેવલ સિદ્ધિદં;
સદા કલ્યાણકૈઃ પૂતં વન્દે તં રૈવતાચલં.

(અથમંત્ર)
ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, જલાદિકં યજામહે સ્વાહા
।। ઈતિ એકાદશ પૂજાભિષેકે ઉત્તરપૂજા ૯૯ સંપૂર્ણ ।।

**કળશ**

(રાગ : ધનાશ્રી)
ગાયો ગાયો રે ગિરનાર નેમિનાથ ગાયો
ગિરિગુણ કો દરિસણથી મેરો, મોહ ભરમ મીટાયો ;
શ્રુતસાગર અવગાહન કરતાં, ગિરિગુણ રતન નિપાયો રે...

ગિરિમહિમા ગિરિભક્તિ-વિધિથી, ગિરિ ઉદ્ધાર ગુણ ગાયો,
ક્ષેત્ર તણો એ મહિમા મોટો, શબ્દ કદિ ન સમાયો રે...



પૂજા રચી ગિરિભાવે ગાતાં, નયણે નીર ઝરાયો ;
ગોમેધ સિધ્યંબિકા પ્રભાવે, કાર્ય સવિ નિપજાયો રે...

તપાસૂરિ દાન-પ્રેમ સામ્રાજ્યે, હિમાંશુ ભાનુ સુપસાયો ;
ગચ્છપતિ જયઘોષસૂરિકો, દીપે તેજ સવાયો રે...

પ્રેમસૂરિ શિષ્ય ચન્દ્રશેખર કે ચરણે શીશ ઝૂકાયો ;
ધર્મકૃપાસે ગિરિગુણ ગાતાં, વલ્લભ પદમેં પાયો રે...

દોય સહસ દર્શનગુણ સાલે, ધૂલેટી દિન સુહાયો,
હેમ બન્યો પ્રભુ ચરણ પસાયે, આતમ અનુભવ રસીયો રે...

**ઈતિ જિનશાસન તપાગચ્છ મધ્યે**

પ.પૂ.આ.વિજયાનંદ-કમલ-વીર-દાનસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
સિદ્ધાંત મહોદધિ, કર્મસાહિત્ય નિષ્ણાંત, સચ્ચારિત્રચૂડામણિ
પ.પૂ.આ.પ્રેમસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન ન્યાયવિશારદ
પ.પૂ.આ.ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સિદ્ધાંતદિવાકર
પ.પૂ.આ.જયઘોષસૂરીશ્વરજી મહારાજાના પુણ્યપ્રભાવે
પ.પૂ.આ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન શાસનપ્રભાવક
પ.પૂ.પં.ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યના શિષ્ય મુનિશ્રી ધર્મરક્ષિત વિજયજી
આદિ પૂજ્યોના શુભાશિષપૂર્વક તસ શિષ્ય મુનિશ્રી હેમવલ્લભ વિજયજીકૃત
શ્રી ગિરનારજી મહાતીર્થ નવ્વાણું પ્રકારી પૂજા સહસાવન તીર્થોદ્ધારક
પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજા તથા
ગિરનાર તીર્થાધિષ્ઠાયિકા સિધ્યંબિકાના
દિવ્યપ્રભાવથી ગિરનાર તળેટી મધ્યે વિ.સ. ૨૦૬૭ ના ધૂળેટી દિને સમાપ્ત.
વિ.સ. ૨૦૬૭ અખાત્રીજના શુભદિને ગિરનારજી મહાતીર્થ જયતળેટી મધ્યે
સર્વપ્રથમવાર આ પૂજા ખૂબ ધામધૂમપૂર્વક મુનિશ્રી ધર્મરક્ષિત વિજયજી તથા
મુનિશ્રી હેમવલ્લભ વિજયજી મહારાજ સાહેબની પાવનનિશ્રામાં ભણાવવામાં
આવેલ છે.

**શુભમ્ ભવતુ**